eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 239
July 30, 2010

## સુરત મહાનગરપાલિકા ધ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે તા.૨૨ અને ૨૩ જુલાઈ, ૨૦૧૦ના રોજ મહેંદી સ્પર્ધાનું આયોજન



સુરત મહાનગરપાલિકા ધ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે તા.૨૨ અને ૨૩ જુલાઈ, ૨૦૧૦ના રોજ રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, સુરત ખાતે અનુક્રમે પ્રાથમિક અને માધ્યમિક/ખુલ્લા વિભાગમાં સાદી અને અરેબિક (જરદોશી) મહેંદીના કુલ ૬(છ) વિભાગોમાં મહેંદી સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓએ ભાગ લીધો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૩/૦૭/૨૦૧૦ના રોજ યોજાયેલ વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા નવનિર્મિત ઉનથી ગભેણી તરફ જતા રસ્તા પર સંજરનગર– જીલાણીનગર નજીક ખાડી પર સાકારિત બ્રિજ, પાંડેસરા હાઉસીંગ બોર્ડ પાસે જી.આઈ.ડી.સી.ને જોડતા રસ્તા પર સાકારિત બ્રિજ તથા કતારગામ અને અમરોલી વિસ્તારને જોડતા તાપી નદી પરના પંડિત શ્યામજી કૃષ્ણવર્મા બ્રિજની લોકાર્પણવિધિ ગુજરાત રાજયના શહેરી વિકાસ અને ગૃહનિર્માણ વિભાગના મા. મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તથા ગુજરાત રાજયના પંચાયત ગ્રામ ગૃહનિર્માણ, ગ્રામ વિકાસ,અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતના મા.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ તથા મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે આજરોજ સંપન્ન થઈ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા રવિવાર, તા.૨૩/૭/૨૦૧૦ના રોજ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન



સ્વર્ણિમ ગુજરાત – ૨૦૧૦ ની ઉજવણી અંતર્ગત રાજય સરકારશ્રી ધ્વારા સમાજનાં દરેક વર્ગોને વિવિધ પ્રકારની આંતર માળખાકીય સુવિધાઓ તથા વિવિધ સેવાઓ પુરી પાડી ગુજરાતનાં અવિરત વિકાસમાં સામેલ કરી રહેલ છે. સુરત મહાનગરપાલિકા શહેરીજનોને રસ્તા, લાઈટ, ડ્રેનેજ, પાણી, આરોગ્ય વિષયક જેવી પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવા સતત પ્રયત્નશીલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા ધ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે તા.૨૬/૦૭/૨૦૧૦ના રોજ ગોરમાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે તા.૨૬/૦૭/૨૦૧૦ના રોજ ગોરમાગીત સ્પર્ધા ચં.ચી.મહેતા નાટયગૃહ(રંગ ઉપવન), ચોક બજાર, સુરત ખાતે યોજવામાં આવી હતી. સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી મંજુલાબેન સાવલિયા, મ્યુ. સદસ્ય શ્રીમતી રેણુકાબેન શાહ, શ્રીમતી છાયાબેન ભુવા, અન્ય મ્યુ. સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, શિક્ષકશ્રીઓ વિગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધામાં શહેરની ખાનગી તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ મળી કુલ ૬૩ શાળાઓની બાળાઓએ ભાગ લઈ ગોરમા ગીતોની સુંદર રજુઆત કરી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા કારગીલ વિજયદિન નિમિત્તે "કારગીલ ચોક" ખાતે શહીદોને શ્રધ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા ધ્વારા કારગીલ વિજયદિન નિમિત્તે તા. ૨૬ મી જુલાઈ, ૨૦૧૦ ને સોમવારના રોજ સવારે ૯.૦૦ કલાકે "કારગીલ ચોક" લેકવ્યુ ગાર્ડન પાસે, પીપલોદ, સુરત ખાતે શહીદોને શ્રધ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે તા.૨૨ અને ૨૩ જુલાઈ, ૨૦૧૦ના રોજ મહેંદી સ્પર્ધાનું આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે તા.૨૨ અને ૨૩ જુલાઈ, ૨૦૧૦ના રોજ રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, સુરત ખાતે અનુક્રમે પ્રાથમિક અને માધ્યમિક/ખુલ્લા વિભાગમાં સાદી અને અરેબિક (જરદોશી) મહેંદીના કુલ ૬(છ) વિભાગોમાં મહેંદી સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.




### પ્રાથમિક વિભાગ

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | માછલીયા અફીફા હુસેન અહમદ | રંગરેજ ઉર્વી પ્રજેશકુમાર |
| દ્વિતીય | પઠાણ સાહીનબાનું અમજદખાન | સોતમ પ્રકાશ સૈદાણે |
| તૃતીય | સુરતી નિધિ નંદકિશોર | મેમણ ઝેનમ એ. |
| આશ્વાસન | રાઠોડ બીના શાંતુભાઈ | ઢોલરીયા હિતાલી કે. |
| " " | મુલ્તાની આમેના એ. | દેસાઈ નિશા અશોકભાઈ |
| " " | મકવાણા ધારા બાબુભાઈ | ફરહીનબાનુ મો. આરીફ ઘડીયાળી |
| " " | પટેલ દિશા શૈલેષભાઈ | સિદિકી સનાપરવીન મહેબુબ |
| " " | પટેલ જાનવી ગીરીશભાઈ | મન્સુરી સાદિયા |

### માધ્યમિક વિભાગ

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | વેકરીયા તૃપ્તી રમેશભાઈ | ગોંડલિયા સેજલ રમેશભાઈ |
| દ્વિતીય | શીરાવાલા જાનવી દિનેશભાઈ | સિદાન પરીન સલીમભાઈ |
| તૃતીય | દબેરવાલા ચાર્મી અનિલભાઈ | પવાર નેહા જશવંતભાઈ |
| આશ્વાસન | મોદી બોનીશા શૈલેષકુમાર | માસ્તર દિક્ષિતા નિતિનકુમાર |
| " " | દલાલ નિશી અલ્પેશકુમાર | રામોલીયા હર્ષિતા ધનજીભાઈ |
| " " | મલેક રૂકસારબાનું અબ્દુલ કાદર | શેખ ફરદીન મોહમંદ કાસમ |

### ખુલ્લો વિભાગ

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | ઉર્મિલાબેન એમ.ધનાણી | મસરાણી વિમ્પલ જયસુખભાઈ |
| દ્વિતીય | ભામિની સંદિપભાઈ શર્મા | પટેલ સોનલ પ્રભુભાઈ |
| તૃતીય | દર્શનાબેન ધર્મેશકુમાર પ્રેસવાલા | અમિતા આર. ભગત |
| આશ્વાસન | મોદી કૃતિ યોગેશકુમાર | સરતાનપરા જાગૃતિ સુંદરલાલ |
| " " | ઘીવાળા એકતા નરેશભાઈ | રાંદેરી ઝીનલ વિશાલકુમાર |
| " " | નજમાબીબી નુરહસન | લાકડાવાળા બુલબુલ તેજસકુમાર |
| " " | શાહ સ્નેહા દિલીપભાઈ | મુંજપરા નિતાબેન દેવરાજભાઈ |
| " " | પુનમ ટી. ઘડીયાળી | |




આ સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી મંજુલાબેન સાવલિયા, આરોગ્ય સમિતિ અધ્યક્ષા શ્રીમતી સ્મિતાબેન પટેલ, અન્ય મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ તથા અધિકારીશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને લ્હાણી અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. મહેંદી સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સર્વશ્રી પ્રા. ડો. રેખાબેન ભટ્ટ, શ્રીમતી જયોતીબેન ગજેરા, શ્રીમતી શીલ્પાબેન સોલંકી, શ્રીમતી કૈલાશબેન દેસાઈ પ્રાથમિક વિભાગમાં અને માધ્યમિક/ખુલ્લા વિભાગમાં શ્રી પૂર્વીબેન દલાલ, શ્રી જશોદાબેન પટેલ, શ્રી નિમિશાબેનએ સેવા આપી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૩/૦૭/૨૦૧૦ના રોજ યોજાયેલ વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા નવનિર્મિત ઉનથી ગભેણી તરફ જતા રસ્તા પર સંજરનગર–જીલાણીનગર નજીક ખાડી પર સાકારિત બ્રિજ, પાંડેસરા હાઉસીંગ બોર્ડ પાસે જી.આઈ.ડી.સી.ને જોડતા રસ્તા પર સાકારિત બ્રિજ તથા કતારગામ અને અમરોલી વિસ્તારને જોડતા તાપી નદી પરના પંડિત શ્યામજી કૃષ્ણવર્મા બ્રિજની લોકાર્પણવિધિ ગુજરાત રાજયના શહેરી વિકાસ અને ગૃહનિર્માણ વિભાગના મા. મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તથા ગુજરાત રાજયના પંચાયત ગ્રામ ગૃહનિર્માણ, ગ્રામ વિકાસ,અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતના મા.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ તથા મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે આજરોજ સંપન્ન થઈ હતી.



રૂા. ૧.૬૦ કરોડના ખર્ચે ઉનથી ગભેણી તરફ જતા રસ્તા પર સંજરનગર – જીલાણીનગર નજીક ખાડી પર બ્રિજ તૈયાર કરવામાં આવેલ છે. આ બ્રિજ સાકારિત થવાથી ઉન–ગભેણી, સચિન–મગદલ્લા રોડ ઉપરના અન્ય ગામોના રહીશોને તેમના રહેણાકથી કામના સ્થળે જવા આવવામાં સમયનો બચાવ થશે અને ટ્રાફિકની સમસ્યા હળવી થશે. તેમજ સુરત નવસારી હાઈ–વે થી સચિન મગદલ્લા રોડ તરફ જવા આવવા માટે વધુ એક લીંક રોડ મળશે. આ પુલ બનવાથી અંદાજે એક લાખ લોકોને લાભ મળશે.

રૂા. ૧.૫૫ કરોડના ખર્ચે પાંડેસરા હાઉસીંગ બોર્ડ પાસે જી.આઈ.ડી.સી.ને જોડતા રસ્તા પર બ્રિજ તૈયાર કરવામાં આવેલ છે. આ બ્રિજ સાકારિત થવાથી અલથાણ, ભટાર તરફના વાહનોને પાંડેસરા, ભેસ્તાન, સચિન, નવસારી જવા આવવા માટે વધુ એક લીંક રોડ મળશે. આ પુલ બનવાથી અંદાજે બે લાખ લોકોને લાભ મળશે. ખાડી પરના પુલો મહાનગરપાલિકાના સંબંધિત વિસ્તારોના વિકાસમાં મહત્વની ભુમિકા ભજવશે. અને કાંઠાના બન્ને બાજુના વિસ્તારોને ટુંકા અંતરથી સાંકળી શકાશે જેને લીધે પરિવહના સરળ થવાના કારણે પ્રદુષણમાં ઘટાડો થશે અને સાથોસાથ સમય અને ઈંધણનો પણ બચાવ થશે.

રૂા. ૨૩.૯૬ કરોડના ખર્ચે કતારગામ અને અમરોલી વિસ્તારને જોડતા તાપી નદી પરના પંડિત શ્યામજી કૃષ્ણવર્મા બ્રિજ તૈયાર કરવામાં આવેલ છે. આ બ્રિજના લોકાર્પણથી વાહન વ્યવહાર અને રાહદારીઓને આવવા અને જવા માટે અલગ અલગ પુલની સુવિધા પ્રાપ્ત થશે અને આ વિસ્તારની લાંબા સમયની ટ્રાફિક સમસ્યા હલ થશે. અમરોલી, વરીયાવ, કોસાડ, છાપરાભાઠા, ઉત્રાણ તથા આ તરફના અન્ય વિસ્તારોની આશરે ૬ થી ૭ લાખ વસ્તીને લાભ મળશે.

માનસરોવર સર્કલ પાસે અમરોલી–સાયણ રોડ ખાતે યોજાયેલ જાહેર સમારંભ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા મા.કમિશ્નર કુ. એસ. અપર્ણાએ જણાવ્યું હતું કે ગુજરાત રાજયના શહેરી વિકાસ અને ગૃહનિર્માણ તરફથી સુરત મહાનગપાલિકાને ફાળવવામાં આવેલી રૂા. ૪૦૦ કરોડની ગ્રાન્ટ બદલ તથા ગુજરાત રાજયના પંચાયત ગ્રામ ગૃહનિર્માણ, ગ્રામ વિકાસ,અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતના મા.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલનો પ્રજાના પ્રશ્નોને સુઝબુઝથી ઉકેલી સહકાર આપવા બદલ આભાર માન્યો હતો. તથા ઉપસ્થિત તમામ મહાનુભવો તથા જાહેર જનતાનો હાર્દિક સ્વાગત કર્યુ હતું. ત્રિવેણી સંગમ સમા ત્રણ બ્રિજોનું લોકાર્પણ થવાથી શહેરીજનોની ટ્રાફિક સમસ્યા હળવી બનશે તથા ઈંધણની બચત થશે. વધુમાં સુરત મહાનગરપાલિકા આ વિસ્તારમાં પાણી અને ડ્રેનેજના નવા પ્રોજેકટોનું આયોજન કર્યુ છે. આ વિસ્તારના સમતોલ વિકાસ માટે વાંચનાલય, વોર્ડઓફિસ, પ્રાથમિક શાળાની સુવિધાનું આયોજન કરવામાં આવ્યું છે. તાપી નદી પર ૬ બ્રિજ, ૯ ફલાયઓવર બ્રિજ, ૪ રેલ્વે ઓવર બ્રિજ/અંડર પાસ થતાં બે સ્થળોએ પેડેસ્ટ્રીયન સબ–વે તેમજ ૩૬ ખાડી પરના પુલો મળી રૂા. ૨.૪૪ કરોડના ખર્ચે કુલ ૫૭ જેટલા પુલોનું બાંધકામ કરવામાં આવેલ છે. જે પૈકી છેલ્લા ત્રણ વર્ષમાં મહાનગરપાલિકા ધ્વારા રૂા. ૫૫.૭૮ કરોડના ખર્ચે કુલ ૯ પુલોનું નિર્માણ કરી કાર્યરત કરવામાં આવેલ છે.

આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચન કરતા સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલે જણાવ્યું હતું કે અમરોલી બ્રિજનું લોકાર્પણ થતાં આ વિસ્તારની જનતાને ટ્રાફિક સમસ્યા હળવી થશે તથા આ વિસ્તારને વધુમાં વધુ પ્રાથમિક સુવિધા આપવાનું આયોજન કરવામાં આવ્યું છે જેથી આ વિસ્તારનો પણ અન્ય વિસ્તારની જેમ સમતોલ વિકાસ સાધી શકાય.

સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે સુરત શહેરનો અકલ્પનીય રીતે વિકાસ થઈ રહયો છે. સુરત મહાનગરપાલિકા પ્રજાજનોની સુખાકારીને ધ્યાનમાં લઈ સતત પ્રજા ઉપયોગી પ્રકલ્પો સાકારિત કરી રહી છે. કોસાડ ખાતે આવેલા શહેરી ગરીબો માટે ફાળવવામાં આવેલ આવાસો તથ ગોપી તળાવનો વિકાસ અનેરો છે.

**Continue …**

મુખ્ય મહેમાન ગુજરાત રાજયના પંચાયત ગ્રામ ગૃહનિર્માણ, ગ્રામ વિકાસ,અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતના મા.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે હું આ વિસ્તારનો ધારાસભ્ય છું. આ વિસ્તારનો ઈતિહાસ અલગ છે. સુરત મહાનગરપાલિકા તથા રાજય સરકારના સહયોગથી આ બ્રિજ સાકારિત કરવામાં આવેલ છે. આજ વિસ્તરમાં કોસાડ ખાતે શહેરી ગરીબો માટે ફાળવવામાં આવેલ આવાસોની સુવિધા કરવામાં આવેલ છે. આ વિસ્તારને સુવિધાયુકત બનાવવા માટે અધિકારીઓ તથા અહીની જનતાએ ખુબજ મહેનત કરી છે.



સમારંભના પ્રમુખ મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ જણાવ્યું હતું કે ત્રણ બ્રિજની લોકાર્પણવિધિ સાથેજ ટુંક સમયમાં કાપોદ્રા અને મોટા વરાછાને જોડતો બ્રિજ તથા જહાંગીરપુરા–ડભોલીને જોડતા બ્રિજનું ટુંક સમયમાંજ લોકાર્પણ કરવામાં આવશે. શહેરમાં ૧૦૦ થી વધુ ગાર્ડનોનું લોકાર્પણ તથા શહેરમાં નવા વિસ્તારમાં આવેલ સરોવરોને જુદા જુદા થીમ સાથે વિકાસ કરી રહયા છે. શહેરના શાસકો તથા સરકાર પ્રજાજનોની ચિંતા કરે છે. ગત વર્ષે સુરત મહાનગરપાલિકાએ ૭૫૦ કરોડના કેપીટલ કામો કર્યા છે. આ શહેરને આગામી દિવસોમાં બલુન બેરેજ, મીડલ રીંગરોડ, એલીવેટેડ બ્રિજ, ફુટઓવર બ્રિજ, મલ્ટીલેવલ પાર્કીગ વિગેરે વિકાસ કાર્યોનું આયોજન કયું છે. સુરત શહેર ગુજરાતનુંજ નહીં પરંતુ સમગ્ર ભારત દેશનું નંબર વન શહેર બને એવી કટિબધ્ધતા રાખુ છું.

ત્રણ બ્રિજના ઉદઘાટક ગુજરાત રાજયના શહેરી વિકાસ અને ગૃહનિર્માણ વિભાગના મા. મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું શહેર વિકાસ વિભાગના મંત્રી બન્યા બાદ શહેરોના વિકાસમાં અન્નય રસ દાખવેલ છે. સુરત મહાનગરપાલિકાએ રાજયના સહકારથી શહેરની આંતર માળખાકીય સુવિધાઓનો વિકાસ કરી ગરીબ લોકો માટે ઉપયોગી પ્રકલ્પો સાકાર કર્યા છે તેનો મને આનંદ છે. મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદી પણ ગુજરાતના તમામ શહેરોના વિકાસ માટે આતુર છે. સમગ્ર ભારતની નજર ગુજરાત પર છે. ગુજરાતની આદ્યોગિક ક્રાંતિ, કૃષિ ક્રાંતિ અનેરી છે. એ માટે શહેરોનો વિકાસ કરવો જરુરી છે. વર્ષ ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષની ઉજવણી કરવામાં આવી. ત્યાર બાદ નિર્મળ ગુજરાત અને સુવર્ણ જયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૦૬ થી વર્ષ ૨૦૧૦ સુધીમાં સુરત મહાનગરપાલિએ આ વિસ્તામાં ૧૭૦૦ કરોડના કામો કર્યા છે. શહેરના પુલો અને મકાનો સાકારિત થાય ત્યારે તેઓનું નામકરણ મહાન વ્યકિતઓના નામ સાથે સાંકળવામાં સુચન કર્યુ છે જે અંભિનંદનીય છે. અમરોલી બ્રિજને ''પંડિત શ્યામજી કૃષ્ણવર્મા'' નું નામકરણ કરવામાં આવ્યું. પંડિત શ્યામજી કૃષ્ણવર્મા આઝાદીના લડવૈય હતા. જેમણે ભારત સ્વતંત્ર બને પછીજ પોતાન અસ્થિઓ પધરાવવાની ઈચ્છા રાખી હતી જે મા. મંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ પૂર્ણ કરી છે. કેન્દ્ર સરકાર અન્ય રાજયોમાં વિકાસ માટે જે ગ્રાન્ટ ફાળવે છે તેજ પ્રકારની ગ્રાન્ટ ગુજરાત રાજયને ફાળવે છે. ગુજરાતનો હાલ સર્વાંગી વિકાસ થઈ રહયો છે. અને મા.મુખ્ય મંત્રીશ્રીની પ્રેરક પ્રેરણાથી આયોજીત ગરીબ કલ્યાણ મેળાથી ગરીબોને લાભ મળ્યો છે. મા.મુખ્ય મંત્રીશ્રી ગુજરાતને દેશમાંજ નહીં પણ દુનિયામાં પ્રથમ લાવવાનો ઉદેશ છે. તથા ગુજરાતની જનતાને મા.મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીને સાથ સહકાર આપવા જણાવેલ છે.

આ પ્રસંગે ડે. મેયરશ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર) એ ઉપસ્થિત મહાનુભવો તથા શહેરી જનોનો આભાર માન્યો હતો. અને જણાવ્યું હતું કે સુરત શહેરના વિકાસમાં ત્રણ બ્રિજોના લોકાર્પણથી મહાનગરપાલિકાના વિકાસ કાર્યોમાં ત્રણ મોરપીંછનો વધારો થયો છે.

આ પ્રસંગે સાંસદશ્રી સી.આર.પાટીલ, રાજય સભાના સાંસદ શ્રી પ્રવિણભાઈ નાયક,ધારાસભ્ય શ્રી નાનુભાઈ વાનાણી, શ્રી કિશોરભાઈ વાનાણી, શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, સુરત શહેર ભાજપના પ્રમુખશ્રી પૂર્ણેશભાઈ મોદી, ભાજપ ઉપાધ્યક્ષ શ્રી અજયભાઈ ચોકસી, તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ જાહેર જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા રવિવાર, તા.૨૩/૭/૨૦૧૦ના રોજ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન

સ્વર્ણિમ ગુજરાત – ૨૦૧૦ ની ઉજવણી અંતર્ગત રાજય સરકારશ્રી ધ્વારા સમાજનાં દરેક વર્ગોને વિવિધ પ્રકારની આંતર માળખાકીય સુવિધાઓ તથા વિવિધ સેવાઓ પુરી પાડી ગુજરાતનાં અવિરત વિકાસમાં સામેલ કરી રહેલ છે. સુરત મહાનગરપાલિકા શહેરીજનોને રસ્તા, લાઈટ, ડ્રેનેજ, પાણી, આરોગ્ય વિષયક જેવી પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવા સતત પ્રયત્નશીલ છે અને સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી ગરીબો માટે પંડિત દિન દયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ ખાતે ગરીબ કલ્યાણ મેળાના બીજા તબકકા હેઠળ સાંજે ૬.૦૦ કલાકે આયોજન કરવામાં આવ્યું હતું.





સમારંભની શરૂઆતમાં ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલાએ ગરીબ કલ્યાણ મેળાની વિવિધ યોજનાઓની જાણકારી આપી રાજય સરકારે ગરીબોનાં ફકત આજનો નહી પરંતુ આવતી કાલની પણ ચિંતા કરી તેના આયોજનનો ઉલ્લેખ કર્યો હતો. શહેરના પ્રથમ નાગરીક મા.મેયરશ્રીએ ઉમ્મીદ યોજના, જનની સુરક્ષા યોજના, જેવી વિવિધ યોજનાઓનો ઉલ્લેખ કરી શહેરી ગરીબો માટે વિવિધ પ્રાથમિક સુવિધાઓ સહિતના આવાસોના લોકાર્પણ કરી સરકારના પુરેપુરા નાણાંનો લાભ સીધા ગરીબોને પહોંચતો કરવાના અભિયાનનો ઉલ્લેખ કર્યો હતો. તથા છેવાળાના માનવીને વિવિધ યોજનાઓ હેઠળ મહત્તમ લાભ આપવા કાર્યરત રહેવા જણાવ્યું હતું. સમારંભના પ્રેરક અને ગુજરાત રાજયના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રીશ્રી નિતિનભાઈ પટેલે તેમના ઉદ્દબોધનમાં શહેરના ગરીબોને માન સાથે ઈન્ડોર સ્ટેડીયમ જેવા વાતાવરણમાં સન્માનીત કરી ગરીબમેળો યોજવા બદલ સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓનો આભાર માન્યો હતો. અગાઉના રાજમાં વિવિધ સરકારી લાભો મેળવવા આમ જનતાએ સરકારી કચેરીના ધકકા બાદ અલ્પ લાભો મેળવી પ્રજાની તકલીફનો ઉલ્લેખ કરી, હાલની રાજય સરકારે મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ રાજયના છેવાળાના નાગરીક માટે વિવિધ યોજનાઓના અમલવારી માટે થયેલા આયોજનનો ઉલ્લેખ કરી ગત વર્ષે કરેલ રૂા.૨૭૦૦ કરોડના વિતરણ અને ચાલુ વર્ષે રૂા. ૩૦૦૦ કરોડના વિતરણના આયોજનની છણાવટ કરી હતી. તથા સરકારશ્રી અને સુરત મહાનગરપાલિકાની નીચે જણાવેલ વિવિધ યોજનાઓ અંતર્ગત રોકડ સહાય, સાધનો, કીટ વિગેરે જેવી અંદાજીત ૪૦ યોજનાઓનાં ૪૫૭૬ લાભાર્થીઓને રૂા.૨૬૭૬ લાખ જેટલી માતબર સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

| વિભાગ/યોજનાનું નામ | લાભાર્થી ઓની સંખ્યા | નાણાંકીય મુલ્ય (રૂા.લાખમાં) |
|---|---|---|
| ➢ સમાજ સુરક્ષા યોજના હેઠળની વિકલાંગ ઓળખકાર્ડ યોજના, વિકલાંગ સાધન સહાય, લોન સહાય વિગેરે | ૬૪ | ૧.૦૬ |
| ➢ પછાત વર્ગ કલ્યાણ યોજના હેઠળ વકીલ સ્ટાઈપેન્ડ સહાય, આંતરજ્ઞાતિય લગ્ન યોજના વિગેરે | ૨૨ | ૬.૮૦ |
| ➢ જીલ્લા ઉદ્યોગ કેન્દ્રની માનવ કલ્યાણ યોજના અંતર્ગત સિલાઈ મશીન, એમ્બ્રોડરી મશીન, લારી, વિવિધ કુટીર ઉદ્યોગ માટે ટુલ કીટ, વાજપાઈ બેંકેબલ યોજના (લોન મંજુરી, **PMEGP** વિગેરે | ૪૪૦ | ૪૬.૨૨ |
| ➢ શ્રમ અને રોજગાર વિભાગની વજનકાંટા, કેટરીંગ સામગ્રી વિતરણ વિગેરે | ૬૧ | ૦.૨૭ |
| ➢ રાજય સરકારશ્રી નિરાધાર વૃધ્ધ, વિધવા, ઈન્દીરા ગાંધી વૃધ્ધ સહાય યોજના | ૪૩૮ | ૧.૩૨ |
| ➢ શૈક્ષણિક લોન સહાય | ૬૨ | ૪૭૬.૩૪ |
| ➢ માનવ ગરીમા યોજના | ૦૯ | ૦.૩૬ |
| ➢ સુરત મહાનગરપાલિકાની બાલિકા સમૃધ્ધિ યોજના | ૨૩૯ | ૧.૦૨ |
| ➢ સરકારશ્રીની સુરત મહાનગરપાલિકા મારફત ચાલતી સંકટ મોચન, એસજેએસઆરવાય, ઉમ્મીદ યોજના | ૮૭૨ | ૪૪.૫૯ |
| ➢ સરકારશ્રીની સુરત મહાનગરપાલિકા ધ્વારા અમલીકૃત **EWS** આવાસ, વ્યકિતગત ટોયલેટ, જનની સુરક્ષા, દીકરી યોજના,સફાઈ કામદારોનાં બાળકોને નોટબુક વિતરણ, મેયર્સ ફંડ, ચિરંજીવી જેવી વિવિધ યોજના | ૨૩૬૦ | ૨૦૯૫.૯૫ |

અંતમાં શાસક પક્ષ નેતાશ્રીભીમજીભાઈ પટેલે ઉપસ્થિત તમામ મહાનુભાવોનો સુરત મહાનગરપાલિકા વતી આભાર માન્યો હતો.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે તા.૨૬/૦૭/૨૦૧૦ના રોજ ગોરમાગીત સ્પર્ધા



સુરત મહાનગરપાલિકા ધ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે તા.૨૬/૦૭/૨૦૧૦ના રોજ ગોરમાગીત સ્પર્ધા ચં.ચી.મહેતા નાટયગૃહ(રંગ ઉપવન), ચોક બજાર, સુરત ખાતે યોજવામાં આવી હતી. સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી મંજુલાબેન સાવલિયા, મ્યુ. સદસ્ય શ્રીમતી રેણુકાબેન શાહ, શ્રીમતી છાયાબેન ભુવા, અન્ય મ્યુ. સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, શિક્ષકશ્રીઓ વિગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધામાં શહેરની ખાનગી તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ મળી કુલ ૬૩ શાળાઓની બાળાઓએ ભાગ લઈ ગોરમા ગીતોની સુંદર રજુઆત કરી હતી. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

| વિજેતાનો ક્રમ | શાળાનું નામ |
|---|---|
| **પ્રથમ વિજેતા** | પી.પી.સવાણી વિદ્યાભવન, હીરાબાગ |
| **દ્વિતીય વિજેતા** | વી.એન.ગોધાણી કન્યા વિદ્યાલય |
| **તૃીતય વિજેતા** | શ્રી ગુલાબદાસ બ્રોકર ન.પ્રા.શાળા ક્રમાંક . ૯૦ |
| **આશ્વાસન વિજેતાઓ** | |
| (૧) સરદાર પટેલ વિદ્યાભવન | (૨) અંબાબેન મગનલાલ અંધજન શાળા(પ્રા.વિભાગ) |
| (૩) શ્રીમતી એલ.પી.સવાણી વિદ્યાભવન | (૪) સનગ્રેસ વિદ્યાલય (ગુજરાતી માધ્યમ) |
| (૫) આર.બી. ધામી વિદ્યાલય | (૬) કસ્તુરબા નગર પ્રાથમિક શાળા ક્રમાંક.૧૮૩ |

ગોરમાગીત સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી મંજુલાબેન સાવલિયા, ઉપસ્થિત મ્યુ.સદસ્યશ્રીઓના હસ્તે ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને પ્રતિકભેટ અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતાં. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સર્વશ્રી પંવિણભાઈ વાંકાણી, શ્રીમતી અરૂણાબેન શાહ, શ્રીમતી નયનાબેન પટેલએ સેવા આપી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા કારગીલ વિજયદિન નિમિત્તે "કારગીલ ચોક" ખાતે શહીદોને શ્રધ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા ધ્વારા કારગીલ વિજયદિન નિમિત્તે તા. ૨૬ મી જુલાઈ, ૨૦૧૦ ને સોમવારના રોજ સવારે ૯.૦૦ કલાકે "કારગીલ ચોક" લેકવ્યુ ગાર્ડન પાસે, પીપલોદ, સુરત ખાતે શહીદોને શ્રધ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી તથા અન્ય મહાનુભાવો વગેરેએ શહીદોના સ્મારકને શ્રધ્ધાસુમન અર્પણ કરી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના શહીદ જવાન.. અને ભારતમાતા કી જય... નારાથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. આ પ્રસંગે વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ, પ્રજાજનો, શાળાઓના બાળકો મોટી સંખ્યામાં હાજર રહી પુષ્પાંજલી અર્પણ કરી હતી.

TOP